# વાદળો ગોરંભાતાં ખેડૂતોના જીવ અધ્ધર

## વાદળછાયા વાતાવરણના પગલે માવઠાની દહેશત વચ્ચે રવિ પાકમાં નુકસાન થવાની ભીતિ : લગ્નપ્રસંગ પરિવારમાં ચિંતાનું મોજુ

અરવલ્લી, તા. ૫

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં શિયાળાની વિદાય સમયે હવામાનમાં પલ્ટાવ જોવા મળ્યો છે. વાદળછાયા વાતાવરણના કારણે કમોસમી માવઠાની દહેશત તો છે પરંતુ માવઠું ન વરસે તો પણ હવામાનના પલ્ટાવના કારણે ખેતરોમાં લહેરાત રવિ પાકને નુકસાન થવા સહીત રોગચાળાની દહેશત પેદા થતા ખેડૂતોમાં ભારે નિરાશા વ્યાપી હતી. હાલમાં લગ્નસીઝન પુરબહાર મોસમમાં ખીલી ઉઠી છે ત્યારે આકાશે વાદળો ઘેરાતા લગ્નપ્રસંગ પરિવારોમાં ચિંતાની લકીરો તણાઈ હતી.

જિલ્લામાં શિયાળો માંડ માંડ જામ્યો હતો પરંતુ વારંવાર હવામાન પલ્ટાવના કારણે ખેતરોમાં ઉભા પાકને નુકસાન થવાની સાથે રોગચાળો વકરવાની સંભાવના પેદા થવાથી ખેડૂતોમાં રવિ સીઝનમાં દવાના છંટકાવનો ખર્ચ ઉઠાવવો પડશે. શિયાળાના અંતિમ ચરણોમાં ગાત્રો થીજવતી ઠંડી પડતા ઘઉં, રાયડો, જીરું, બટાકા સહિતના પાકોને મહત્તમ ફાયદો થયો હતો. જેના કારણે ખેડૂતોમાં મલકાટ જોવા મળ્યો હતો, પરંતુ જિલ્લાના આકાશે સોમવારે સવારે એકાએક વાતાવરણમાં ભારે પલ્ટાવ જોવા મળવાની સાથે આકાશે વાદળો ગોરંભાતાં ઠંડીનું પ્રમાણ નહિવત જોવા મળ્યું હતું અને માવઠાની સંભાવનાના પગલે ખેડૂતોમાં ભારે ચિંતાનો માહોલ પેદા થવાની સાથે ખેતરોમાં ઉભા તૈયાર પાક પર ખતરો મંડરાતા ભારે નિરાશા જોવા મળી હતી.



# ગણપત યુનિવર્સિટીને એનાયત થયા બે 'એજ્યુકેશન એક્સેલન્સ એવોર્ડઝ' : સિધ્ધિનું વધુ એક છોગું

## મુખ્યમંત્રી વિજય રૂપાણી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને વિભાવરીબેન દવેના હસ્તે અર્પણ થયા સન્માન

ગણપત વિદ્યાનગર, તા. ૫

'નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત' દ્વારા આયોજિત 'ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૧૮'માં એનાયત થયેલા વિવિધ શૈક્ષણિક 'એજ્યુકેશન એક્સેલન્સ' માટેના બે એવોર્ડઝ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજયકક્ષાના શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવેના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

તા. ૨, ૩ અને ૪ ફેબ્રુઆરી-૨૦૧૮ દરમિયાન અમદાવાદના યુનિ. કન્વેન્શન સેન્ટર ખાતે ગુજરાત સરકાર દ્વારા યોજાઈ ગયેલા 'ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૧૮'ના ઉદ્ઘાટન સમારંભમાં બે એવોર્ડઝ અનુક્રમે ગણપત યુનિવર્સિટીને શ્રેષ્ઠ 'પ્લેસમેન્ટ એક્ટિવિટિઝ' માટે તેમજ યુનિ.ની અંગભૂત કોલેજ 'યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ'ને ટેકનિકલ એજ્યુ. રિસર્ચના ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી માટે અર્પણ કરવામાં આવ્યા હતા.

સંસ્થા વતી આ બંને એવોર્ડઝ ગણપત યુનિવર્સિટીના દાતા-અધિષ્ઠાતા ગણપતભાઈ પટેલે સ્વિકાર્યા હતા. યુનિ.ને આ અગાઉ પણ અનેક સન્માનો પ્રાપ્ત થયા છે.





## મોડાસામાં શિક્ષિકાએ બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વૈચારીક ક્રાંતિ ધરાવતા સ્મિતાબેને હિન્દુ ધર્મનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો છે. આ અંગે તેમણે સરકારના નિયમોઅનુસાર ધર્મ પરિવર્તનની કાર્યવાહી પૂરી કરી હતી. તેઓને સમાજકલ્યાણ અધિકારી આર.પી. પ્રજાપતિના વરદહસ્તે ધર્મ પરિવર્તનનું પ્રમાનપત્ર આપવામાં આવ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે અરવલ્લી જિલ્લાનો આ પ્રથમ વિધિવત ધર્મ પરિવર્તનનો પ્રસંગ છે. આ પ્રસંગે પ્રોત્સાહિત કરવા એડવોકેટ દિલિપભાઈ, એડવોકેટ શાંતિલાલ એડવોકેટ ગોપાલભાઈ ભરવાડ, એડવોકેટ ભાનુભાઈ, આનંદ પરમાર, ડો. પી.કે. ગોહીલ જાદવ યશ શિક્ષક અવિનાશ રાઠોડે ઉપસ્થિત રહી વાતાવરણને પ્રફુલ્લીત બનાવ્યુ હતુ.

# ખેડબ્રહ્મામાં ભાજપે જુના જોગી કાપ્યા, કોંગ્રેસે જાળવ્યા

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા નગરપાલિકાની ચૂંટણીનું ધમાસણ ચાલી રહ્યું હતું ત્યારે સોમવારે ફોર્મ ચકાસણી બાદ બંને પક્ષના ઉમેદવારોના નામ સ્પષ્ટ થયા હતા. ભાજપે અને કોંગ્રેસે શનિવારે પોતાના મેન્ડેટ બંધ કવરમાં પ્રાંત અધિકારીને આપ્યા હતા. ત્યારથી શહેરમાં ચર્ચા ચાલતી હતી કે કોને ટિકિટ મળશે અને કોણ કપાશે, સોમવારે ફોર્મ ચકાસણી બાદ ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ હતુ. ભાજપે સ્વચ્છ ચહેરો બતાવવા નવા લોકોને તક આપી જુના જોગીઓને બાજુ પર કરી દીધા છે. તો સામે કોંગ્રેસને આજે પણ તેમના જુના સભ્યો પર ભરોસો રાખી જાતિ સમીકરણને ધ્યાન પર રાખી ટિકિટોની વહેંચણી કરી છે.



## વાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ ગાડી પકડાઈ

વાઢીયાવાસ ગામની સીમ પાસે નાકાબંધી કરી સ્વીફ્ટ ગાડી નં એમએચ-૦૧-૭૭૯૬ને પકડી પાડતા તેની ગાડીમાં જોતા વિદેશી દારૂ પેટી નંગ-૨૩ બોટલ નંગ-૧૧૦૪, કિં.રૂ. ૧,૧૦,૪૦૦નો તથા ગાડીની કિં. રૂ. ૧,૫૦,૦૦૦ તથા મોબાઈલ નંગ ૧ કિં. રૂ. ૫,૦૦૦ એમ કુલ કિં. રૂ. ૨,૬૫,૪૦૦નો મુદામાલ મળી આવેલ તેમજ ગાડીનો ચાલક રાજુરામ જગમાલજી વિશ્નોઈ રહે. ખીરોડી તા. સીતલવાના, જિ. જાલોર નાસી ગઈ તથા ભમરારામ લશુજી મેઘવાલ રહે. ખીરોડી, તા. સીતલવાના, જી. જાલોરવાળો પકડાય જઈ સદરે વિરુદ્ધમાં વાવ પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# બે વર્ષ અગાઉ હિંમતનગરમાંથી મહિલાનો દોરો લૂંટનાર શખ્સને ત્રણ વર્ષની કેદ અને દંડ

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ કેન્દ્રિય વિદ્યાલય પાસેથી બે વર્ષ અગાઉ પસાર થઈ રહેલ એક મહિલાના ગળામાંથી બાઈક પર આવેલા બે શખ્સો પૈકી એક શખ્સે રૂપીયા ૫૦ હજારની કિંમતના બે તોલા સોનાના દોરાની લૂંટ કરી હતી. ત્યારબાદ ભાગવા જતો આ શખ્સ પકડાઈ ગયો હતો અને તેની વિરૂદ્ધ તત્કાલિન સમયે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ બાદ આ કેસ શનિવારે હિંમતનગરની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે લૂંટ કરનાર શખ્સને ત્રણ વર્ષની કેદ અને રૂપીયા ૫ હજારનો દંડ ફટકાર્યો છે. ઉપરાંત ભોગ બનનાર મહિલાને વળતર આપવા આદેશ કર્યા છે.

ગત તા. ૯-૧૦-૧૬ના રોજ હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ કેન્દ્રિય વિદ્યાલય આગળથી પસાર થઈ રહેલ અરૂણાબેન રાજેશભાઈ રાઠોડની નજીક બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી એક શખ્સે અરૂણાબેને ગળામાં પહેરેલ રૂ. ૫૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટ કરી ભાગવા જતા હતા પરંતુ કમનસીબે દોરાની લૂંટ કરનાર શખ્સ બાઈક પરથી પડી જતા પકડાઈ ગયો હતો.

ત્યારબાદ અરૂણાબેનો પકડાયેલા મહેશજી કાળાજી ઠાકોર (રહે. કુંડાલ, તા. કડી, જી. મહેસાણા) વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે ગુનાની તપાસ કરી ચાર્જશીટ હિંમતનગરની એડી. જયુડી,. મેજી. ફ.ક.ની કોર્ટમાં રજુ કરી હતી. જે અંગેનો કેસ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ પી.આર. ત્રિવેદીની દલિલોને ગ્રાહ્ય રાખી ન્યાયાધીશ એ.એસ. ગોહીલે મહેશજી ઠાકોરને ત્રણ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી હતી અને રૂ. ૫ હજારનો દંડ કર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ એક માસની સજા કરી હતી. ઉપરાંત લૂંટનો ભોગ બનેલ અરૂણઆબેનને ફોજદારી કાર્યરીતી સહીતા કલમ ૩૫૭ હેઠળ રૂ. ૫ હજાર વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો હતો.

નામદાર કોર્ટે સોનાના દોરાની લૂંટની ઘટનામાં પકડોલા ગુનેગારને સખ્ત કેદની સજા ફટકારતા સમાજમાં દાખલો બેસે તેવા પ્રયાસ કર્યા છે ત્યારે આવી પ્રવૃત્તિ કરતા તત્વોમાં ફફડાટ ફેલાય તે સ્વાભાવિક છે.

# લોકભારતી આશ્રમ શાળાના વિવાદની તકેદારી અધિકારી તપાસ કરશે


## વિમુક્ત જાતિ કલ્યાણ મંડળની રજુઆત ગ્રાહ્ય

હિંમતનગર, તા. ૫

વિજયનગર તાલુકાના અભાપુર ખાતે આવેલ લોકભારતી આશ્રમ શાળાની ગ્રાન્ટ ચાંઉ કરી જવાની કૌભાંડનો પર્દાફાશ થયા બાદ આ અંગે ન્યાયી અને નિષ્પક્ષ તપાસ કરવા વીમુક્ત જાતિ કલ્યાણ મંડળ દ્વારા તાજેતરમાં ઉચ્ચકક્ષાએ રજુઆત કરાયા બાદ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોને સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા સહયોગ આપવા માટે લેખીત જાણ કરાઈ છે.

આ અંગેની વિગત એવી છે કે અભાપુર ખાતે આવેલ લોક ભારતી આશ્રમ શાળાની દસ વર્ષથી વધુની ગ્રાન્ટ પેટે ખોટા દસ્તાવેજો ઉભા કરીને સંસ્થાના બની બેઠેલા દિલીપ ચૌધરીએ રૂ. ૯૪ લાખથી વધુની રકમ ઓળવી જવાના કારસો રચીને તેમા આશ્રમ શાળા અધિકારી ખેડબ્રહ્માને સંડોવી તમામ દસ્તાવેજો ઉચ્ચકક્ષાએ મોકલ્યા હતા. જે અંગે વિમુક્ત જાતી કલ્યાણ મંડળના પ્રમુખ બી.એફ. વાઘેલાને ખબર પડતા તેમણે આ અંગે સંલગ્ન વિભાગોમાં લેખીત રજુઆત કરી હતી.

ત્યારબાદ બી.એફ. વાઘેલાએ અમદાવાદ સ્થિચ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોમાં કરેલ રજુઆત બાદ તંત્ર ચોંકી ઉઠ્યુ હતુ અને તરત જ આ અંગે સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના સચીવને લેખીત જાણ કરી અભાપુર સ્થિત લોક ભારતી આશ્રમ શાળાના બની બેઠેલા મંત્રી દિલીપ ચૌધરી વિરૂદ્ધની તપાસમાં તકેદારી અધિકારીની નિમણુંક કરી આ કેસમાં લાંચ રૂશ્વત વિરોધ બ્યુરોને સહકાર આપવા તાકીદ કરી છે અને જરૂર પડે સરકારી નાણાનો વ્યય થતો અટકાવવા માટે તાકીદે પગલા લેવા જણાવાયુ છે તથા નિવારક તકેદારી નિરીક્ષણ અધિકારીની સુચનાઓનો અમલ કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે સંસ્થાના બની બેઠેલા મંત્રી દિલીપ ચૌધરીએ સરકારી નાણા ગ્રાન્ટરૂપે હડપ કરવાના કારણે તેમની વિરૂદ્ધ શિક્ષણ આલમમાં ફીટકારની લાગણી પ્રસરી છે તથા તેમણે કરેલા કોર્ટ કેસોને કારણે બાળકોના મન પર અવળી અસરો ઉભી થઈ હોવાની શક્યતા છે.



ધાનેરામાં નગરપાલિકા ચૂંટણીમાં ૭ વોર્ડ ૧૬૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તો બીજી તરફ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ તરફથી લોકોને ટિકિટ આપવા બાબતે લોકોમાં દુઃખની લાગણી જોવા મળી હતી. ૧૭ ફેબ્રુઆરીના દિવસે નગરપાલિકાની ચૂંટણી યોજાનારી છે અને ઉમેદવારી નોંધવાનો છેલ્લો દિવસ હોવાથી ધાનેરા નગરપાલિકા ૭ વોર્ડ માટે ૧૬૪ લોકોએ ઉમેદવારી નોંધાવી છે અને નગરપાલિકાની ચૂંટણી લડવા માટે મેદાનમાં ઉતર્યા છે તો બીજી તરફ ભાજપ અને કોંગ્રેસ પાસે કેટલાક લોકોએ ટિકિટ માંગેલી પરંતુ ટિકિટ ન આપતા કેટલાક લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.





## સાચી શ્રધ્ધાંજલી આને કહેવાય : પુણ્યતિથિ નિમિતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાનાં રણાસણ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો જેમાં ૧૧૦૦થી પણ વધારે દર્દીઓએ કેમ્પમાં લાભ લીધો હતો તો અન્ય સમાજને પ્રેરણારૂપ શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. વિજાપુર ખાતે રહેતાં રાજેન્દ્રભાઈ રાવલના ધર્મપત્ની સ્વ. રાજલબેનની ચોથી માસિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પતિ રાવલ રાજેન્દ્રભાઈ દ્વારા વિજાપુર તાલુકાના રણાસણ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દર્દીઓને અમદાવાદના પ્રખ્યાત ડોક્ટરો દ્વારા મફત નિદાનની સાથે રાજેન્દ્રભાઈ રાવલ દ્વારા જરૂરીયાત મુજબની દવાઓ પણ મફત આપવામાં આવી હતી. રણાસણ ગામ સહિત આજુબાજુમાથી ૧૧૦૦ જેટલાં દર્દીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે મહેસાણા આરોગ્ય અધિકારી પણ તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. પરશુરામ ગ્રુપ દ્વારા પણ સહિયોગ મલ્યો હતો. રણાસણ ગામના પ્રથમ નાગરિક મહિલા સરપંચ સહિત રાવલ સમાજના ઉપપ્રમુખ હસમુખભાઈ રાવલ તથા ગામના યુવાનો ઉપસ્થિત રહીને સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવ્યો હતો ને સ્વ. રાજલબેનને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી. રાજેન્દ્રભાઈના ઉત્તમ અને પ્રેરણાદાયી કાર્યથી અન્ય સમાજના લોકો વ્યક્તિઓને શીખ મળે તેમ કહીએ તો નવાઈ નહી. તો સાચી શ્રદ્ધાંજલિ આને કહીએ તેમ કહીએ તો નવાઈ નહી.

## શંકરપુરા પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ભિલોડા, તા. ૫

અરવલ્લી જિલ્લાની ભિલોડા તાલુકાની શંકરપુરા આદર્શ પ્રા. શાળાનો તાજેતરમાં શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. સોમનાથ, ભાલકાતીર્થ, બિલખા, સતાધાર, ગીર, જૂનાગઢ, ખોડલધામ, વીરપુર, ગોંડલ, ચોટીલા જેવા સ્થળોનો બાળકોને સુંદર આયોજન કરી પ્રવાસ કરાવવામાં આવ્યો. શાળાના આચાર્ય કાન્તિલાલ એસ. પટેલ તથા સ્ટાફમિત્રોએ પ્રવાસને આનંદમય અને સફળ બનાવવા ખુબ સારી જહેમત ઉઠાવી હતી.

# આંતરરાજ્ય દારૂની હેરાફેરી અને અગીયાર ગુનામાં નાસતો ફરતો સૂત્રધાર પકડાયો

હિંમતનગર, તા. ૫

ગુજરાતના સરહદી રાજ્યોમાંથી પાસ પરમીટ વિના ગુજરાતમાં દારૂની હેરાફેરી કરતા એક શખ્સને શુક્રવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે બાતમીને આધારે દબોચી લીધો છે. આ શખ્સ સાબરકાંઠાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ૧૧ ગુનાઓમાં સંડોવાયેલો હતો. જેથી પોલીસે આંતર રાજ્ય દારૂની હેરાફેરી કરતા સૂત્રધારને પકડી લેતા તેની પાસેથી અનેક ચોંકાવનારી વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

આ અંગે જિલ્લા પોલીસ વડા સૌરભસીંઘ તથા બીડીવીઝનના પીએસઆઈ વી.યુ. ગડુરીયા તથા ડી. સ્ટાફના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૭માં હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દારૂની હેરાફેરી બદલ દલો ઉર્ફે દલપત ભુરાભાઈ રબારી (રહે. ડૈયા, તા. જાડોલ, જી. ઉદયપુર)નું નામ ખુલ્યુ હતુ. તેણે રૂ. ૯૧,૨૦૦નો વિદેશી દારૂનો પાસ પરમીટ વિનાનો જથ્થો ગુજરાતમાં ઘુસાડ્યો હતો. ત્યારબાદ આંતર રાજ્ય વિદેશી દારૂની હેરાફેરી કરવામાં માહેર બની ગયેલા દલપત રબારીએ સાબરકાંઠામાં પોલીસની પરવા કર્યા વિના પોતાનો ધંધો ચાલુ રાખ્યો હતો.

દરમિયાન દલપત વિરૂદ્ધ વિજયનગરમાં ૩, ઈડરમાં ૩, પ્રાંતિજમાં ૧, વડાલીમાં ૩ અને હિંતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ૧ મળી ૧૧ ગુના નોંધાયા હતા. જેથી જિલ્લાનું પોલીસતંત્રએ તેને પકડવા માટે ચોક્કસ પ્લાન બનાવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. એવામાં પીએસઆઈ વી.યુ. ગડુરીયાને બાતમી મળતા તેમને એવી માહિતી મળી કે દલપત રબારી રાજસ્થાન અને વિજયનગરની સરહદ પરથી બાઈક લઈને પસાર થાય છે. જે આધારે શુક્રવારે પોલીસે વોચ ગોઠવીને તેનો પીછો કર્યો હતો અને વિજયનગરના ડુંગરા તથા ઝાડીઓમાં ભાગવા જતો હતો ત્યારે પોલીસે તેને દબોચી લીધો હતો. ઉલ્લેખનીય છે કે દલપત રબારી આંતર રાજ્ય સરહદોની ચિંતા કર્યા વિના ગુજરાતમાં મોટા જથ્થામાં પાસ પરમીટ વિના વિદેશી દારૂ ઘુસાડતો હતો અને તે ત્રણ વર્ષથી નાસો ફરતો આ સૂત્રધાર પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. ત્યારે તેની પૂછપરછ દરમિયાન પોલીસને અનેક મહત્વની કડીઓ મળી આવે તેમ પોલીસનું માનવુ છે.



## ઈસ્કોન મોડાસા દ્વારા પ્રેરણા મોહોત્સવની મોડાસામાં ભવ્ય ઉજવણી

હરે ક્રિશ્ના હરે રામ પ્રેરિત ઈસ્કોન પરિવાર મોડાસા દ્વારા યુએસએના રાધાજીવન પ્રભુએ મોહોત્સવમાં ઉપસ્થીત ભક્તોને શ્રીનાથજી ભગવાન વિષે માહિતી આપી હતી. જયારે છેલ્લા એક વર્ષથી નિર્માણધીન મોડાસા ઈસ્કોન મંદિર વિષે માહિતી આપવાની સાથે સાથે મુખ્ય ઉપદેશોની વાત કરી. જેમાં સત્ય અને ભ્રમ, જડ અને ચેતન, નિત્ય અને અનિત્યના ભેદને શાસ્ત્રના આધારે સમજવા પુણ પુરુશો તમ ભગવાન શ્રી કૃષ્ણનું સ્મરણ કરવા અને એમની સેવા કરવા માટે સર્વ જીવોની નમ્ર ભાવે મદદ કરવા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રેરણા મહોત્સવમાં માં ડૉ. અરુણ શાહ, સામાજિક કાર્યકર નિલેશ જોશી, અરવલ્લી રેડક્રોસ સોસાયટીના મંત્રીના રાકેશ જોશી અને રાકેશ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા. સમગ્ર મોહોત્સવનું આયોજન મનોભીસ્ટમદાસ, અનિલપ્રભુ, દર્શનપ્રભુ, તુષારપ્રભુ સહીત ઈસ્કોન પરિવાર મોડાસા દ્વારા કરવામાં આવી રહ્યું હતું જેમાં મોટીસંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.